# ચૌદમી ગુજરાત વિધાનસભા

## કામકાજ સલાહકાર સમિતિ

## તેરમો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ બપોરના ૦૧-૦૦ વાગ્યે અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** બુધવાર, તા.૦૨/૦૩/૨૦૨૨ ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો દિવસના કામકાજની યાદીમાં વિચારણા અર્થે દર્શાવવા અને તા.૦૪/૦૩/૨૦૨૨ના રોજ તેની ચર્ચા વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૨નું ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૨નું ગુજરાત ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

**૨.** કૉંગ્રેસ પક્ષના ઉપનેતા શ્રી શૈલેષભાઇ પરમારે દસમા સત્રની સભાઓની તારીખવાર યાદીમાં દર્શાવેલ ડબલ બેઠકોની સંખ્યા ઘટાડવા અને આવી બેઠકો કેટલાક શનિવારે રાખવા માટે રજૂઆત કરી. જેના અનુસંધાને સંસદીય બાબતોના મંત્રીશ્રીએ માનનીય સભ્યશ્રીઓને ચર્ચા માટે પૂરતો સમય મળી રહેતો હોવાથી સભાઓની તારીખવાર યાદીમાં કોઇ ફેરફાર જરૂરી ન હોવાનું જણાવ્યું. ત્યારબાદ ચર્ચા વિચારણાઓના અંતે સમિતિએ માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારની રજૂઆતનો અસ્વીકાર કર્યો અને સભાઓની તારીખવાર યાદીમાં કોઇ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખ: ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૨**

**ડૉ. નીમાબેન આચાર્ય**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ**